Barcode - 99999990810878
Title - Piranamat (Sata Pantha ) Tantra Bhag-1
Subject -
Author -
Language - gujarati
Pages - 26
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9999999081087

॥ ओ३म् ॥

# પીરાણામત (સતપંથ) ગ્રંથ.

## ભાગ ૧ લો.

રચનાર શુભેચ્છક

છીબાભાઈ ભુલાભાઈ ભગત.

મુ. ભાગા—સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર

રણછોડભાઈ હરખાભાઈ ભગત.

ઠે. ધ ગામ—અમદાવાદ.


સં. ૧૯૭૪ | સને ૧૯૧૮.

આવૃત્તિ ૧ લી | પ્રત ૧૦૦૦

કિંમત રૂ. ૦-૧-૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

૭૮૬૨

ધી "વિજય પ્રવર્તક" પ્રિન્ટીંગ પ્રેસમાં
પટેલ મોહનલાલ મગનલાલે છાપ્યું
ઠે. ઢાલગરવાડ—અમદાવાદ

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराजिट विभाग ]

अनुक्रमांक ૭૮૭૨ वर्गांक

पुस्तकनुं नाम પરાણાગત તંત્ર-૧

विषय પ૭પી

॥ ओ३म् ॥

# પીરાણામત ( સતપંથ ) તંત્ર.

## ભાગ ૧ લો.

અહા ? સમય ! ત્હારી ગતિ અલૌકિક છે. તું રાઈનો પર્વત અને નગર ત્યાં જંગલ બનાવી દે છે. સજ્જન દોસ્તો ! આપને ટૂંકમાં કહું તો સતપંથ ( પીરાણા ) મતની વાતો કરવી એ એક પાપ ગણાય છે. તો પછી તેનાં પુસ્તકોમાંની ગુપ્તમાં ગુપ્ત હકીકતો પ્રકટ કરવી એ કેટલો બધો અપરાધ ? પણ જમાનાના વહેવા સાથે અને વિદ્યાના પ્રતાપે તથા ના. બ્રીટીશ સરકારના રામરાજ્યમાં ધર્મનું છૂટાપણું હોવાથી તે લાભ લેવા અમે ભાગ્યશાળી નીવડયા છીએ. તે ખાતે ઉપકાર માનતાં, આ તકે પીરાણા ગાદીના વહીવટ કરનાર લક્ષ્મણ કાકાનો પણ અમે ઉપકાર માનવાનું ભૂલતા નથી. જો તેઓ અમને ઉંઘમાંથી જગાડત નહિ, તો અમે અને અમારી ભવિષ્યની પ્રજા અંધારામાં રહેત.

એ પ્રથા ચલાવી જનાર ઈમામશાહને અરબસ્તાનથી ગુજરાતમાં આવ્યે આશરે ૩૦૦–૩૨૫ વર્ષ થવા આવ્યાં છે.

છતાં પહેલાંની જે માન્યતા હતી તે હજી સુધી નષ્ટ થઇ નથી. જો કે તેમાંથી જુના-પુરાણા સેવકો બેહેસ્તની હુરા પરીનો લાભ લેવા માટે આ ફાની દુનિયા છોડી ગયા છે; ત્યાર પછીની જુવાન પ્રજા પણ ચાલી ગઈ છે; અને તે પછીની કેટલીક પ્રજા વિદ્યાના પ્રતાપે ઉપર્યુક્ત માન્યતાને 'નમસ્તે' કરીને સ્વામીનારાયણ પંથમાં, કેટલીક આર્ય-સમાજમાં, તથા કેટલીક શુદ્ધાશુદ્ધ સનાતન ધર્મમાં ચાલી ગઇ છે. એવી રીતે એ અગડં-બગડં-ખીચડીયા પંથમાંથી લોકો નાસી છૂટયા છે; પરંતુ તેઓએ એ પંથમાંથી નીકળી જતાં પહેલાં કે પાછીથી પણ "એ પંથમાંથી પોતે કેમ નીકળી ગયા?" એ જાણવા માટે કાંઇ વારસો મૂકયો નથી; કિંવા સ્વર્ગમાંથી ખબર પણ પહોંચાડી નથી. પણ સીધી કે આડકત્રી રીતે એ દટાઇ રહેલા અર્ધદગ્ધ કોહી-નૂરને આર્યપ્રકાશમાં અજવાળામાં મૂકવામાં આવેલો છે. તે ઉપરથી વિદ્વાન્ વર્ગ તેને પત્થર કે હીરો સમજી લેશે. કેટલાક સમજ્યા પણ હશે! પ્રિય વાંચકો! અમે પણ તેનો ટૂંક સારાંશ આપના કરકમળમાં મૂકવાની રજા લઈએ છીએ.

## સતપંથ ઉપર વિવેચન.

સત્=સાચો. પંથ=રસ્તો. એટલે કે જો સાચા રસ્તા ઉપરજ ચાલવાની તે માર્ગમાં સત્યતા હોય તો આજસુધીમાં તેને ગુપ્તપણામાં કેમ ખપાવ્યો હશે? એ શંકા પ્રથમ

ઉત્પન્ન થતાંજ એક ગુર્જર કવિની .ઉક્તિ યાદ આવે છે કેઃ–

"નામ હોય છે સૂરજ જશું, તે આંખે ના દેખે કશું,
નામ વાઘને હાથી પેર, ભાર ન ઉપડે તેથી શેર;
નામ ધરાવે યોગીદાસ, વનિતાઓ રાખે બે પાસ."

ઉપલી કડીયો સતપંથને લાગુ પાડવામાં અમે અમારી નબળાઇ જણાવતા નથી. અમે ઘણો સમય થયાં કહેતા આવ્યા છીએ કે "હે પીરાણાઓ ! ભલે, તમે તમારા મનમાં ફાંકો રાખો કે 'અમારો વેદ ધર્મ છે; અને અમે બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વરની પૂજા કરીએ છીએ. કોણ કહી શકે એમ છે કે અમારો મુસલમાની ધર્મ છે." પણ ભાઇ ! અમારૂં તો સતપંથ વિષે માનવું એવું છે કે એ (પંથ) ન ગણાય મુસલમાનમાં કે ન ગણાય હિંદુ (વેદ) માં. પણ એ અર્ધદગ્ધ પંથ છે ! ! તેણે હિંદુ (આર્ય) તથા મુસલમાન ધર્મને પાગલ બનાવ્યા છે. તેને ગુપ્ત રાખવાનું સબળ કારણ એ છે કે તેમાં ઠેક ઠેકાણે પોતાની આજીવિકા ચલાવવાની જાળ પાથરેલી હોઈ 'સતપંથ' નામને નામોશી લગાડી છે. તેમાં ફસાવાનો જમાનો હવે વહી ગયો છે. આ વાતને, આજસુધી ઘણાકો અમને દુશ્મન ગણી માનતા નહોતા; પણ ચાલુ વર્ષની છેલ્લી સતપંથ મહામંડળની ત્રીજી કોનફરન્સના ચેરમેન રા. મધવચરામ માજી સબ જજ્જ સાહેબની સાક્ષી કરાવીને સત-

પંથીઓ અને તેના આગેવાનો (સેક્રેટરી, કાકા, મુખી, કારભારી અને મેમ્બરો) એ પોકારીને કહી દીધું કે "હે શ્રોતાઓ! તમે સુફી મતને સ્વીકારનારા અને તેના અનુયાયી છો. કુરાન સિવાય અમારા મતને ટેકો આપવાની બીજી કઈ જામીનગીરી હોઇ શકે ?"

હવે એ પંથ આજીવિકા અર્થે છે, તેનો પૂરાવો ચેરમેનથી આપી શકાય નહિ. એટલે તેને માટે અમે મોઢેથી નહિ પણ તેમનાજ શાસ્ત્રનો આધાર આપીને સર્ટિફિકેટ બતાવીએ છીએ કે:—

"સતપંથ વિનાના સર્વે ખોટા કહીએ, અને ખોટાં તે સર્વે ધામ; પણ આલઇમામની પોષીએ તો, પહોંચીએ બેહેસ્ત મુકામ."

વાંચક! સત્ય કાંઈ ઢંકાયેલું રહેતું નથી. તેની મજબૂતાઇ માટે એટલોજ પૂરાવો બસ થશે કે:—સત્ય કાંઈ એઓનેજ ઘેર વસેલું નથી; તેમજ ઈશ્વરને કાંઇ એઓએ ઇજારો રાખેલો નથી. (સતપંથીઓ એવો દાવો કરે છે કે "અમારા પંથમાં આવ્યા વિના કોઇના જીવનું કાર્ય—મોક્ષ થતું નથી." એ ઉપરથી.)

જુઓ, આર્યપ્રકાશ તા. ૧૫ ડીસેમ્બર ૧૯૧૫

ઉપલા વિચારની પુષ્ટિ અર્થે અમને સર્ટિફીકેટ પણ મળ્યું છે કે:—

"સર્વ ધર્મમાં સત્યનો અંશ છે."

જુઓ, સતપંથ ભાષણ ચેરમેન મી. મધવચરામ.

સન ૧૯૧૭ ની ત્રીજી કોનફરન્સ.

પ્રિય વાંચકો! ચેરમેનના ભાષણ ઉપરથી સતપંથ શાસ્ત્ર ખોટું ઠર્યું છે; અને અમને ટેકો મળ્યો છે કે દરેક ધર્મમાં સત્યનો અંશ છે તો હવે એથી વિરૂદ્ધ સતપંથી કે તેની સાથે સંબંધ ધરાવનારા કોઇ પણ આગેવાનથી જાહેરમાં એમ તો નહિ કહી શકાય કે આ કળિયુગમાં એકલો સતપંથજ સત્ય છે? મતલબ કે સર્વે ધર્મ સાચા છે એવું નક્કીજ છે. તો પછી પીરાણાની ગાદીવાળા લક્ષ્મણ કાકાએ અમને આર્યસમાજની સનંદ આપીને સતપંથની સનંદ લઈ લીધી આથી તો થયું એવું કે શેઠ ક્યાં ગયા? તો ઘેરના ઘેરજ? એમાં અમારે ખોટું માનવાપણું કે અમારા પ્રત્યે દ્વેષ રાખવાનું કારણ શું? એથી તમારામાં કાંઈ વિશેષ છે? ખરેખર, તે સરક્યુલર અને તા. ૧-૪-૧૫ નો તે દિવસ અમારા અંતઃકરણમાં હંમેશને માટે કોતરાઇ રહેશે; કારણ કે, જો જમાનો તે સરક્યુલરનો અમલ ન કરત તો આજ સુધીમાં તે :પંથ જે હિંદુપણામાં ગુપ્ત રીતે ખપતો હતો તે ખપ્યે જાત અને લોકો તેની જાળમાં ફસાત. પરંતુ સતપંથનું યથાર્થ સ્વરૂપ બતાવીને દુનીયાને

ઠગાતી બચાવનાર જો કોઇ હોય તો તે ત્રીજી કોનફરન્સ જગદંબા ! તુંજ છે.

બે કોનફરન્સમાં સતપંથીઓએ કાંઈ ઉકાળ્યું હોય એવું પ્રકટ નથી. પણ ત્રીજી કોનફરન્સે પ્રમુખ પાસે પુરાવો મૂકાવ્યો છે કે:—

"અનેક ચમત્કારોને સાંપ્રત સમયના મનુષ્યો ભલેને હાસ્યથી નીહાળે, પરંતુ મનુષ્યમાં જે ગુપ્ત અદ્ભુત શક્તિઓ રહેલી છે તેને જેઓ જાણે છે તેઓ એવા ચમત્કારોને અશક્ય અને અસંભવિત લેખવતા નથી." તેના પુરાવા માટે—

આ ભૂમિમાં સતપંથનો પ્રકાશ પાડનાર પીર સૈયદ નુરૂદ્દીન છે, અને તેઓ 'સૈયદ' 'નુર' 'સતગોર' એવા એવા નામોથી પ્રખ્યાત છે. તેઓ પાટણથી અરબસ્તાન ગયા અને ત્યા તેઓનો દેહ હીજરી સન ૪૮૭માં પડયો. ત્યાંથી તેમના શબની પેટી અહીં—નવસારીની પૂર્ણા નદીમાં આવી. તે શબને અહીં દફન કરવામાં આવ્યું છે. વાંચકો ! તેમના ચમત્કારો તમને સર્વેને અજાણ્યા નથી."

સાર એ નીકળે છે કે ચમત્કાર ઉપર વિશેષ ધ્યાન ખેંચ્યું છે. તો હવે ચોથી કોનફરન્સ 'ચમત્કાર પંથ' એવા નામથી ઓળખાવી જોઈએ, એમ નક્કી થાય છે; કારણ સત્ય તો દરેક ધર્મમાં છે, એમ કોનફરન્સમાં

કહેવાયું છે તો સઘળા પંથ સતપંથજ છે.

વળી જો પીરાણા અને નવસારીવાળાનો ખીચડો થઇ જાય તો "મતીઆ કણબી ચમત્કારીપંથ" "પીરાણા ચમત્કારીપંથ" અગર "આગાખાનીઓ" એવી અટક ઉપરથી ઓળખાય છે, તો પછી નવસારીખાં તથા પીરાણાખાં, એમ હોય તો પણ ઠીક.

હવે સતપંથની ત્રીજી કોનફ્રરન્સના ચેરમેન રા. માધવચરામ પાસે નવસારીમાં કબુલ કરાવ્યું, કે, "નુરસતગોર અરબસ્તાનના હતા." પણ સતપંથીઓના પુસ્તક ઉપરથી તેમજ તેઓની માન્યતા પ્રમાણે જોતાં તો નુરૂદ્દીન ઉર્ફે નુરસતગોર, કિંવા ઈમામશાહ યાતો કળિયુગના ઇશ્વરના દશમા અવતાર નુરસત ગોર, અથવા તો મૌલા અલ્લી, જે એકજ મનાય છે; અને જેમને માટે નવસારીમાં તથા પીરાણામાં રમજાનની તા. ૨૫ મીએજ ઉત્સવ ઉજવવામાં આવે છે. તે અરબસ્તાનના રહીશ છે. એમ સતપંથીઓ સૌએ સોટકા માને છે. પણ આ તર્કે અમે ખુલાસો કરવા ચૂકતા નથી; કેમકે દહીંને વલોવ્યા વગર માખણ નીકળે ક્યાંથી ? સબબ બે કોનફ્રરન્સો ભરાઈ ગઇ હતી; પણ તેમાંનો હેવાલ પ્રગટ થયો નહોતો. પરમાત્માની કૃપાએ ત્રીજી કોનફ્રરન્સે પોતાનો હેવાલ ખાસ જુદો તથા વર્ત્તમાન પત્રદ્વારાએ પ્રકટ કરવાથી જગતને જાગૃતી મળવા

સાથે સતપંથીઓ પણ શકમાં પડશે કે, આ નુરૂદ્દીન તો નવસારીના મતીઓના ભગવાન છે અને તે ઈરાનના રહીશ છે; તથા ઈમામશાહ તે પીરાણાવાળા સતપંથીઓના ભગવાનના છોકરા પ્રભુ છે, અને તે અરબસ્તાનના રહીશ છે.

( જુઓ, તબકત–એ. નાસીલ ઇલીયટકૃત ભાષાંતર ૨ પૃ. ૩૩૫–૬ )

વાંચકો ! હવે " નવસારીના નુર સતગોર, તેજ પીરાણાના નુર સતગોર છે " એમ સિદ્ધ થયું. માટે નવસારીની સેંદ લેઈ જાઓ તે પીરાણા ગયા બરાબર છે; અને નવસારીની સોંઘી જાત્રા સિદ્ધપુર બરાબર છે. આ તફાવત ઘણાં વર્ષોનો છે; અને તે પીરાણાના ઈમામશાહના સેવકો ખુશીથી કબુલ કરે છે, પણ અમે સીધો રસ્તો બતાવીએ તો દુશ્મન.

## હંસ બાળે અને ચીત્રાને માથે પડે.

આ તો, નવસારીવાળાના અમે દુશ્મન; અને તમારા દોષ ( પીરાણામાંથી બરતરફ કરેલા સેવકો તથા આર્યસમાજને માટે હથિયારરૂપ બનાવ્યા એ ) ઠીક ?

પણ ભાઈરે, ' કાળા અક્ષર ભેંસ બરાબર ' સમજનારના દોરેલા તમે દોરાઓ છો, અને તેઓના હાથમાં પીરાણાનો બધો આધાર મૂકો છો. તેનું ફળ કેવું આવે છે ? તે એક દિવસ તમારા જોવામાં આવશે.

પ્રિય વાંચક ! તમારા જાણવામાંજ હશે કે, આજથી ૪૫ વર્ષ ઉપર ‘ બુદ્ધિપ્રકાશ ’ માસિકપત્રમાં પીરાણાનો ઇતિહાસ પ્રકટ થયેલ છે. તેમાં નવસારીનું કે તેની દર્ગાહ સુદ્ધાંતનું નામ પણ નથી. પરંતુ હવે એ સૈયદોએ ના. ગાયકવાડ સરકારની ધર્મસુધારક હદમાં રહીને પોતાનો ખીચડીયો પંથ–પછી ભલેમે તેને ‘ સતપંથ ’ કહો તેને કેવો ખીલવ્યો છે ? તે પ્રતાપ કોનો ? વિદ્યાનો. ઉપર જે લખ્યું છે તે સતપંથનાં પુસ્તકોના આધારે અને કોન્ફરન્સના પુરાવા સાથે લખ્યું છે. હવે પછી પણ અમારા મનનું નહિ પણ તે પંથનાંજ પુસ્તકોનાં પુરાવાથી આપને જણાવીશ.

સતપંથીઓ અને તેનાં પુસ્તકો કહે છે કે–“ અમારા ધર્મમાં પાંચ કરોડ પ્રહ્‌લાદ, સાત કરોડ હરિશ્ચંદ્ર, નવ કરોડ જોગેશ્વર, બત્રીશ કરોડ યુધિષ્ઠિર, એ બધા માની ગયા તે ખોટા ? અને તમે બધા નવો ફાંટો પાડી નિંદા કરો તે ખરા ! ” પણ હે ભાઇબંધો ! ક્યાં રાજા ભોજ, અને ક્યાં ગાંગો તેલી. તે સતપંથ અને ચાલુ સતપંથના તમે મુકાબલા એકદમ બતાવવાનો કાંઈ આધાર આપવાની હિમ્મત ધરાવો છો ખરા ? આ ઠેકાણે અમારે કહેવું પડે છે કે–જો તમે તે વખતના સતપંથનાં પુસ્તકો અને માન્યતા હતી તે અમને બતાવો તો હજુ પણ તમારા ગુલામ થવા તૈયાર છીએ.

આ પંથને 'સતપંથ' એવું નામ આપ્યાને વધારેમાં વધારે ૪૦૦ વર્ષ થયાં છે. તે ઉપરનો હોય તો જેને અમે ઇમામશાહ ગુરૂ માનીએ છીએ, તેનાં સંતાનો કુરાનને શું કામ માને? સતપંથને કેમ નથી માનતા?

સતપંથમાં સુરત જીલ્લાના કોળી, ગોલા, અમદાવાદના કાછીઆ, અને બારડોલી, તથા જલાલપુર તાલુકાના મતીઆ કણબી છે. તેઓમાં ખાસ કરીને કણબીઓ, પોતાને 'મતીઆ' કહેવરાવવામાં મોટું માન અને ગૌરવ સમજે છે. પણ એ બધા મુસલમાની રાજ્યનો ઇતિહાસ જુએ તો જરૂર સમજે કે પોતાને એક શરમ જેવું છે! તેઓ એક વખત લેઉવા કણબી હતા; અને તેઓ અમદાવાદ તથા ખેડા જીલ્લાના રહીશ હતા. પણ પીરાણાનો પંથ સ્વીકારવાને લીધે બીજાઓએ વહેવાર બંધ કરવાથી તેઓને કચ્છમાં નાસી જવું પડયું હતું. ત્યાં તેઓ પોતાનો નવો વાડો બાંધી "મુમના કણબી" એવા નામથી ચલાવે છે. ત્યાં તેઓને પણ પીરાણા પંથ ઉપર અભાવ થયો છે. તેઓ જમાતખાનાને "જયોતિર્ધામ" એવા નામથી ઓળખાવે છે. તેઓ જન્મ-મરણ વગેરે શુભાશુભ ક્રિયા સૈયદ પાસે કરાવે છે, અને મુડદાંને દાટે છે વગેરે કેટલાક રિવાજ અર્ધદગ્ધ છે, અમારૂં કહેવું છે કે શું શુદ્ધ લેઉવા કણબી ( આર્ય ) તેઓને માટે એટલું અભિમાન ન રાખી

શકે કે "એક સમયે તેઓ (મુમના કણબી કે મતીઆ) આપણા કુટુંબી હતા."? શું તેઓની ભૂલ ભાંગીને, આ વિદ્યાના જમાનામાં અને આવા રામરાજ્યમાં પણ "આપણ એક છીએ." એમ શુદ્ધ લેઉવા કણબી ન બતાવી શકે? હું ધારૂં છું કે તેઓના હૃદયમાં દયા ઉત્પન્ન થશે; અને અર્ધદગ્ધ થયેલા પોતાના ભાઈઓને પોતાનાજ માનશે. હજી તેઓ-સંતપંથીઓમાંથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરનું લોપ્યું ઓછું થયું નથી. ગમે તેટલાં વર્ષથી તેઓ અર્ધદગ્ધ પંથ પાળતા હશે; પણ હજુ તેઓ આપણા દેવોના નામ ઉપર અભિમાન બતાવે છે કે "અમે અથર્વવેદને માનીએ છીએ." તેઓ એક સમય શુદ્ધ આર્ય હતા; અને શુદ્ધ વેદ ધર્મને માનતા હતા, પણ મુસલમાની રાજ્યમાં કાંઈક રાજ્યના બળે તેમજ સ્વાર્થને લીધે તેઓ આર્યથી વટલેલા છે. તેવી જાતો લગભગ એંશી છે; અને તેઓને માત્ર આથી ઓળખવામાં આવે છે. તેનો કાંઈક ઐતિહાસિક પૂરાવો આગળ રજુ કરીશ. જો કે ઈસ્લામને માથે સાધારણ રીતે એવો દોષ મૂકવામાં આવે છે કે, પોતાના ધર્મમાં લાવવા માટે કાફરો (હિંદુ) ઉપર ગમે તેવો જુલમ કરવો, એવું હઝરત મહમદનું મુસલમાનોને ફરમાન હતું. પરંતુ તે વાત ખોટી છે. કુરાનેસરીફમાં ઠેક ઠેકાણે એવાં વચનો છે કે ખરા મુસલમાનની ફરજ છે કે જે પરધર્મનો હોય તેને સમજાવીને વટલાવવો. (કુરાને સરીફ પ્ર. ૩,૧૯)

એથી વિરૂદ્ધ. એક તરફ કુરાન, અને બીજી તરફ શમશેર. મતલબ કે કાંતો મુસલમાન ધર્મમાં આવો અથવા તો મૃત્યુને શરણ થાઓ; એવો જુલમ પાંછલા વખતમાં ઝનુની ઇસ્લામીઓને હાથે થતો હતો. ગુજરાતમાં બલકે આખા આર્યાવર્તમાં મુસલમાની રાજ્યમાં અગર ખ્રિસ્તિ ધર્મ પ્રચારકોમાં બીજાઓને પોતાના ધર્મમાં ભેળવવાની એક રીત સમજાવટથી બીજી સ્વાર્થને અંગે અને ત્રીજી જોરજુલમની હતી.

(૧) સમજાવટ—ચમત્કાર બતાવીને.

(૨) સ્વાર્થ—આર્ય ધર્મ છોડી દેવામાં આવે તો સરકારમાં વધારે માન મળે; નોકરી મળે; એવો(મુસલમાની રાજ્યમાં)

(૩) જોર જુલમ—નિર્દોષ હિંદુઓનાં છાપરાં ઉપર અને તેઓના જ્ઞાતિભોજન સમયે તેઓના મહોલ્લાના કુવામાં માંસના ટુકડા નાંખવા. એ પ્રમાણે આગલા રાજ્યોમાં દબાણ થતું હતું.

ઈ. સ. ના ૧૩–૧૪ ના સૈકામાં હિંદુઓ મુસલમાનોના હુમલા ટક્કર ઝીલી આર્ય ધર્મ સાચવી રાખવા કમજોર થઈ ગયા હતા. તો પણ સ્વધર્મ સાચવવા માટે છુટી છવાઇ તક મળતી હતી. પરંતુ મારીને મુસલમાન કરવાના દાખલા થોડાજ મળી આવે છે.

ફીરોજશાહ તઘલખ જેવા કેટલાક રાજાઓએ ( ઈ. સ. ૧૩૫૧–૮૮ ) પોતાની હિંદુ પ્રજાને એવી લાલચ આપી કે તમે મુસલમાન થશો તો તમને જજિઆ કર-માંથી મુક્ત કરીશ; યાતો તમને મોટા ઓદ્ધા આપીશ; તેમજ સરકારી નોકરીમાં દાખલ કરીશ. આવી લાલચને લીધે હજારો માણસોએ ઇસ્લામ ધર્મ અખત્યાર કર્યો હતો

સિદ્ધરાજ જયસિંહ ( ઈ. સ. ૧૦૯૪. ૧૧૪ ) ના અરસામાં ખંભાતમાં રાજ્ય કરતા હતા. એમના ઇતિહાસનું વૃત્તાંત જાહેરમાં એટલુંજ છે કે એક વખતે ખંભાતમાં હિંદુ, પારસી, અને મુસલમાનોને તકરાર થતાં જૈન તથા પારસીઓએ મુસલમાનોની મસ્જિદ ભાંગી નાંખી. મુસલ-માનોએ તે બાબતની ફર્યાદ સિદ્ધરાજને કરતાં તેણે જૈન તથા પારસીને સજા કરી અને મસ્જિદ ફરી બાંધવા થોડા પૈસા સુદ્ધાં આપ્યા. એ મુસલમાનો તે વખતના રાજાઓના લશ્કરમાં નોકરી કરતા. કેટલાક સૈનિકો પણ ખરા. પણ સતપંથ પુસ્તકમાં ઇતિહાસ છે તે ચમત્કારી બાબતનો છે. એટલે તે આ તકે જાહેર કરવાની જરૂર નથી.

મિરાતે–અહમદી–નામના ગુજરાતના ફારસી ઇતિ-હાસ લેખક ફિરસ્તાની તવારીખને અંતે તેણે ઘણા પીર, શેખ, અને બીજા મુસલમાન ધર્મ પ્રચારકોનાં ચરિત્ર આપ્યાં છે. તેમાં સૌથી લાંબા વખતનાં અને પ્રખ્યાત મખાજી

મૈયનુદ્દીન ચીસ્તી, અને ગંજશંકર છે. જેની દર્ગાહ અજમેરમાં છે; અને જેના ઓરસ ઉપર લાખો હિંદુ–મુસલમાન એકઠા થાય છે અને તેનાથી બીજે નંબરે શેખ જલાલ-ઇમામશાહ, અને સૈયદ મહમદ જુઆનપુરી એવા એવા કેટલાક મોટા પીરોએ વગર જુલમે હિંદુઓને મુસલમાન બનાવેલા છે. શાહ આલમ, શાહ તાહેર વગેરે નાના પીરો તો એટલા બધા છે કે ગુજરાતના કોઇને કોઇ ગામમાં તેની દર્ગાહ નીકળશે.

ફિરસ્તાની તવારીખમાં ઉપલા પ્રખ્યાત પીરોના ચમત્કારોની ઘણી અદ્દભુત વાતો લખી છે કે જે માત્ર શ્રદ્ધાવાન માણસોજ સાચી માની શકે; પરંતુ તેમની પવિત્ર જિંદગી, અને તેમનાં વ્યાખ્યાનોની એવી સચોટ અસર થતી હતી કે સેંકડો હિંદુઓ પોતાનો આર્ય ધર્મ તજીને તેમના અનુયાયી થતા હતા. એ પ્રમાણે વટલેલી લગભગ ૮૦ જાતો છે. તેમાંના મુખ્ય ચાર, પાંચ છે. મેમણ, ખોજા, વોરા, મતીઆ, અથવા આઢીઆ.

નવસારીમાં જે દાટેલા છે તે નુરસતગોર ઉર્ફે હસન ઝકરીઆ એ ના. આગાખાનના ધર્મ ઉપદેશક ( નહિ કે પીરાણાવાળાના પીર ); તેને ના. આગાખાને ૧૦૦૧ માં હિંદુસ્તાન તરફ મોકલ્યા. તેણે પંજાબ, કાબુલ અને ચિત્રાલ લોકોને ઈસ્માઈલી બનાવ્યા. વળી 'પીર શમસ'

નામના શખ્સે કાશ્મીરીઓને પણ એજ પંથમાં આણ્યા.

કેટલાક નુરસતગોર માટે કહે છે કે—એમણે પાટણમાં ભીમ સોલંકીને ખાનગીમાં વટલાવ્યો હતો. કોઈ કહે છે કે તેમ કરીને ઇરાન પાછો જતો રહ્યો; અને ફરી આવીને નવસારીના રાજા સૂરચંદની છોકરી વેરે તેણે લગ્ન કર્યાં; તેને એના ચેલાઓએ મારી નાંખ્યો. (નહિ કે નવસારીની ત્રીજી બેઠકના ભાષણમાં કહ્યા મુજબ અરબસ્તાનના રહીશ અને અરબસ્તાનમાં મરી ગયા) ત્યાર પછી પીર સમરૂદ્દીન અને પીર સદરૂદ્દીને પોતાનો ઉપદેશ ચાલુ રાખ્યો. એવી રીતે ઈસ્માઈલી પંથ ૧૪૩૦ થી વધવા લાગ્યો.

ઇસ્લાઈલી પંથ ફેલાવવામાં બે નિયમ પાળવામાં આવતા હતા. (૧) પોતાના ધર્મ વિચારો છૂપા રાખવા. (૨) જેઓને પોતાના ધર્મમાં લાવવા માંગતા હોય તેઓના ધર્મનો મોટો ભાગ પોતાનો કહી કબુલ રાખવો.

આ મુજબ ઉપલા સદરૂદ્દીને હિંદુ ધર્મનો ઘણો બારીક અભ્યાસ કર્યો હતો. તેણે પોતાનું નામ સહદેવ, અથવા હરિશ્ચંદ્ર રાખ્યું. હિંદુ ધર્મના બધા અવતાર કબુલ રાખી માત્ર છેલ્લા કલંકી અવતારને "હઝરત મૌલ્લા અલ્લી" નો છે, એવી રીતનો ઉપદેશ આપ્યો. એ પ્રમાણે હિંદુ ધર્મમાં ભળી જઈ પોતાને હિંદુ કહેવડાવી, હિંદુઓને ભ્રમમાં નાંખી વટલાવ્યા છે. મદ્રાસના પ્રખ્યાત પાદરી એ.

બી. ડયુ. એઓએ લખ્યું છે કે નુરસતગોરે અને પાછળથી બીજા પીરોએ હિંદુઓને લાયક થઇ પડે તેવાં ભજનો રચી પોતાના કાર્યમાં મદદ મેળવેલી છે. તેવા ભજનનો ટૂંક ભાગ નીચે આપીએ છીએ.

" કે જીરે ભાઇરે, આજ કળિયુગનાં ઇશ્વર આદમ નામ ગણાયાં;
  ગુરૂ બ્રહ્મા તે નબી મહમદ કહાવ્યા;
" કે જીરે ભાઇરે, વિષ્ણુ અલ્લીરૂપે નામ ભણાયાં,
  તેના નામ રખીમરે ધાર્યાં. "

સતપંથીઓના દશ અવતારની ચોપડી તથા મોમીન ચેતમણીમાંથી આવા ઘણા દાખલા મળી આવે છે.

" હેજી નુરસતગોરે ધરમ, આચાર, આપ્યો, ત્યાંથી સતપંથ ચાલ્યો દસોંદ તણો વહેવાર. ચેતમણી. ૨૦૦

એ પીર સોદરદ્દીને પોતાનું થાણું ( મુકામ ) સિંધના કોટડા ગામમાં કર્યું હતું. એ થાણાને જમાત ખાનું તથા ખાના કહે છે.

મુસલમાની ધર્મ પ્રચારકો:—પ્રથમ સિંધ, મુલતાનને રસ્તે કચ્છ થઇને ગુજરાતના મુખ્ય ખંભાતબંદરે પગ પેસારો નુરસતગોરે કીધો. સતપંથમાં એવું કહેવાય છે કે વિસ્મય પમાડે એવા કેટલાક ચમત્કારો બતાવીને રાજા સિદ્ધરાજ જયસિંહને મુસલમાની ધર્મનો

સ્વીકાર કરાવ્યો; અને પછી વખત જતાં વોરાઓની સંખ્યામાં વધારો થતો ગયો. પરંતુ હિંદુ રાજાઓના રાજ્યમાં વોરાઓને જે દુઃખ સહન કરવાં પડેલાં તે દુઃખ સુન્નીમતવાળા મુસલમાન બાદશાહોના વખતમાં પણ તેમને સોસવાં પડયાં. એમના વડા મુલ્લાંની ગાદી પહેલાં યમન શહેરમાં હતી. તે પાછળથી ( ઈ. સ. ૧૫૩૯ માં ) ગુજરાતમાં આણવામાં આવી.

મતીઆઃ—જે ઈસ્માઈલી પંથના પીર સદરૂદ્દીને હિંદુઓને બલકે ભાટીઆઓને વટલાવી ખોજા બનાવ્યા; તેજ સદરૂદ્દીનના પુત્ર કુતુબુદ્દીનના પુત્ર ઇઝામશાહ ( જેને પીરાણાઓ ઇમામશાહથી ઓળખે છે અને કબીરદ્દીનના પુત્ર માને છે ) બાવાએ મુલતાનથી ગુજરાતમાં આવી ઘણા હિંદુઓને ( ઉચ્ચ, નીચ, બન્ને કોમના ઘણા હિંદુઓને ) મુસલમાન બનાવ્યા. એ ઈમામશાહ અમદાવાદ પાસે પીરાણા ગામમાં રહેતા હતા; અને એમની કબર ગીરમઠા ગામમાં છે. કેટલાક કહે છે કે એ સૈયદ ઇમામશાહને હાથે જે બ્રાહ્મણ તથા લોહાણા વટલાયા તે ખોજા કહેવાયા. તેના પ્રછા ટૂંકમાં નીચે પ્રમાણેઃ—

“ પ્રબોધ દીધો પ્રેમથી જનોઇ ( લુહાણા તથા બ્રાહ્મણોએ )<br>ઉતારી છે ત્યાંયજી.

“ નામરૂપી જનોઇઓ પહેરીએ એવું બોલ્યા સૌ ત્યાંયજી.<br>પ્રગટ પ્રછો ગોર ઇમામનો.

"જગ તારણ છે જાણીતો, ધણી મારો કેવાં કરે કામોજી.
પ્રગટ પ્રછો ગોર ઇમામનો.
"પંજો ગોરનો ( ઇમામશાહનો ) કાયમ છે. નાના
રોઝાના માંહેજી.
હાલ જનોઇ કાયમ છે તહીં; જુઓ સૌ વારંવારજી.
પ્રગટ પ્રછો ગોર ઈમામનો

મતીઆમાંથી ઘણાએક કણબી ( જલાલપોર, બારડોલી તરફના ) અને કેટલાક અમદાવાદ તરફના કાછીઆઓ જો કે બીજી બધી રીતે હિંદુ રીતરિવાજ તથા ધર્મને વળગી રહ્યા છે, તો પણ પીરાણાના રોઝા તથા ઈમામશાહને પૂજે છે; અને પોતાનાં મુડદાંને બાળતી વખત જમણા હાથના અંગુઠા પાસેની આંગળીનું ટેરવું કાપી લઇ એ રોઝાની નજદીકમાં દાટવા માટે રાખી મૂકે છે.

પીરાણાવાળા સૈયદોમાં સૈયદ એટલે ઇમામશાહના વંશજો ધર્મગુરૂનો દરજ્જો ભોગવે છે. કાકા નામના તેમના મતાનુયાયીઓ ( હાલ લક્ષ્મણ કાકા જેમણે આર્યસમાજની સનંદ આપીને ત્રણ મહાશયોને બરતરફ કીધા છે તે ) છે

મુખી એટલે નાણા સંબંધી ઉઘરાવવાનું કામ કરે છે તે. ઇ. સ. ૧૬૯૧ ના અરસામાં મતીઆના સૈયદ નામે 'શાહજી' જેને તે વખતના અમદાવાદના કાજી સાહેબને મળવાનું ફરમાન થયેલું. ખરૂં જોતાં એમની રીતભાત તે વખતનાં બાદશાહને ગમતી ન હોતી તેથી તેમને ઠપકો આપવા

બાદશાહના હુકમથી કાજીએ તેડાવેલા. તેમને મળવા જતાં ઇમામશાહનું મોત થયું. કોઇ કહે છે કે તેમણે પોતે ઝેર ખાધું. કોઇ કહે છે કે રાજના માણસે ખવડાવ્યું. પરંતુ તે ઉપરથી મતીઆઓ ( ખોજા ) ને ગુસ્સો ચઢયો; અને તેમણે બાદશાહ સામે બંડ ઉઠાવી ભરૂચનો કિલ્લો સર કર્યો. એ બંડ દબાવી દેતાં બાદશાહને ઘણો શ્રમ પડયો. 'બાકરઅલ્લી' નામના પીરાણાના સૈયદ ઇ. સ. ૧૮૪૩ માં ગુજરી ગયા. તેમણે વળી જે બોધ કર્યો તે પ્રમાણે હઝરત મહમદ તે બ્રહ્માનો અને અલ્લી તે વિષ્ણુનો અવતાર કહેવાય છે. પોતે પોતાને સતગુરૂ અથવા ઇમામ અથવા ભગવાન કહેવડાવતા; અને એક કાકાના કહેવા મુજબ બાકરઅલ્લી રામ અને પોતે લક્ષ્મણનો અવતાર હતા. ( હાલમાં પીરાણામાં રામજી કાકા કારભારી અને લક્ષ્મણ કાકા ગાદીવાળા છે. તે આગલા વખતમાં અવતારીના નામ ઉપરથી હોય તો કોણ જાણે ? )

જો કે કલમો પઢવાથી પાપ ધોવાઇ જાય છે.

એ પંથના હિંદુઓ ગુપ્તી ( ગુપ્ત રીતે ) મુસલમાન અને બહારથી હિંદુ ( અથર્વ વેદી ) કહેવાય છે; અને ઇમામશાહના સંતાનો પ્રકટી ( ખુલ્લી ) મુસલમાન પાળવાવાળા કહેવાય છે.

॥ ओ३म् ॥

# ધર્મનાં દશ લક્ષણ.

**धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।**
**धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥**

ધૃતિ: (સર્વદા ધીરજ રાખવી), **ક્ષમા** (માન—અપમાન તથા સુખ દુઃખાદિ દ્વંદ્વોમાં પણ સહનશીલતા રાખવી તે), **દમ** (મનોનિગ્રહ) **અસ્તેય** (ચોરી નહિ કરવી તે), **શૌચ** (યોગાભ્યાસથી અંદરના રાગ–દ્વેષાદિ મળોની તથા જળ–મૃત્તિકા વગેરેથી બહારના મળોની શુદ્ધિ કરવી તે), **ઇંદ્રિયનિગ્રહ** (અન્યાય—અધર્મમાં જતી ઇંદ્રિયોને રોકવી તે), **ધી** (માદક પદાર્થોને, દુષ્ટ મનુષ્યોના સમાગમને તથા આલસ્ય–પ્રમાદ વગેરેને ત્યજીને સચ્છાસ્ત્ર તથા સજ્જનોના સમાગમથી બુદ્ધિને વધારવી તે) **વિદ્યા**, (પૃથ્વી આદિ પંચભૂતોથી લઈ ઈશ્વર પર્યંતના સઘળા પદાર્થોનું યથાર્થ જ્ઞાન મેળવવું, તેમજ મન, વચન અને કર્મને વિષે સમાન વર્તન રાખવું તે), **સત્ય** (જે પદાર્થ જેવો હોય તેવો તેને સમજવો, અને જેવું મનમાં તેવું વચનમાં તથા જેવું વચનમાં તેવું જ કર્મમાં આચરવું તે) **અક્રોધ** (બીજાને હાનિ કરે એવો નિરર્થક ક્રોધ ન કરવો તે) આ દશ ધર્મનાં મુખ્ય લક્ષણ છે.

॥ ૐ ॥

# सरस्वतीकार्यमन्दिर.

અત્રે નીચે લખેલાં કામો, નિયમિત રીતે, સસ્તા દરે મુંબાઈની હરિફાઈમાં ઉતરે તેવાં કરી આપવામાં આવે છે: જેવાંકે, ૧ કોઇ પણ વિષયના સંસ્કૃત ગ્રંથ કે સંસ્કૃત બીનાનું હિન્દી વા ગુજરાતીમાં ભાષાન્તર ૨ હિન્દી કે ગુજરાતી ગ્રંથો વગેરેનું સંસ્કૃત ભાષામાં પરિવર્તન. ૩ સંસ્કૃત, હિન્દી વા ગુજરાતી છપાતા ગ્રંથોનાં પ્રુફ તપાસવાં. ૪ જથાબંધ કે છુટક પુસ્તકો કમીશન સાથે એજન્સીથી મોકલવાં. પુસ્તકો તથા માસિકો વગેરે છપાવી આપવાં વગેરે પુસ્તક સંબંધી હરેક કામ.

તા. ક. બહાર ગામના ઓર્ડરોપર પુરતું ધ્યાન આપવામાં આવે છે. કાર્ડો, નોટપેપરો, કંકોત્રીઓ તથા જાહેર ખબરો વગેરે છપાવવા ઇચ્છતા ગૃહસ્થોને એકવાર અમારી સંસ્થા સાથે કામ પાડી જોવા ભલામણ કરવામાં આવે છે.

શાસ્ત્રી નરહરિ મગનલાલ પંડિત.

વ્યવસ્થાપક "સરસ્વતી કાર્ય મંદિર."

ઠે. ઘી કાંટા, નાની હમામ.

મુ૦ અમદાવાદ.

